सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૫/૦૫/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૯ |

**<u>રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,</u>**
**<u>મુકામઃ રાજકોટ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૮૧૦/૨૦૨૬.</u>
આંકઃ ૦૭

**<u>અરજદાર/આરોપી.</u>**

**રોહીત ઉર્ફે રોહન મહેશભાઈ લોલાડીયા,**
ઉ.વ. આ.૧૯ , વ્યવસાયઃ વેપાર,
રહે. મોરબી રોડ, રતનપર ગામ,
આકાશભાઈના મકાનમાં ભાડેથી, રાજકોટ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**<u>સામાવાળા.</u>**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી**

**બાબતઃ <u>બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.</u>**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી જે.એમ.સભાડ.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી પી.કે.પટેલ.**

---

## <u>ચુ કા દો</u> –

૧. રાજકોટ શહેર, બી–ડિવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૧૨૫૦૯૪૪/૨૦૨૫, બી.એન.એસ.કલમ–૮૭, ૧૩૭(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે. તેમજ મુળ ફરીયાદી પણ હાજર રહેલ છે.

3. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપીની તા.૦૩/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરેલ છે. તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. ચાર્જશીટ થઇ ગયેલ છે. ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષની છે. અરજદાર/આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસંબંધ છે. ભોગબનનાર પોતાની ઇચ્છાથી અને સંમતીથી અરજદાર/આરોપી સાથે આવેલ છે. અરજદારને ખોટી રીતે ગુનામાં સંડોવી દિધેલ છે. અરજદાર/આરોપી ઉપર તેમના વયોવૃધ્ધ માતા–પિતાની જવાબદારી રહેલ છે. હાલના આરોપીએ ભોગબનનાર સાથે કાઇ કરેલ નથી. સાત વર્ષની સજાને પાત્ર ગુનો છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને

જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ છે. વધુમાં જણાવેલ છે કે, મુળ ફરીયાદી હાજર છે અને તેને પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો છે. ભોગબનનાર બાળકીનુ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરેલ છે. અગાઉ પણ આજ આરોપીએ આજ કામના ભોગબનનારને બે વાર ભગાડીને લઈ ગયેલ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. આ કામે ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષની છે. આરોપીએ ભોગબનનાર સાથે કોઈ શરીર–સંબંધ બાંધેલ નથી. આરોપીના વિધ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે, ભોગબનનાર તેમની સાથે આવેલ છે અને આરોપી સાથે લગ્ન કરવા માંગે છે. આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે. આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં છે. ૭ વર્ષની સજાને પાત્ર ગુનો છે. આરોપી રાજકોટના સ્થાનીક રહેવાસી છે. ટ્રાયલ દરમ્યાન તેની હાજરી મળી આવી શકે તેમ છે. આ સંજોગોમાં હાલના અરજદાર/આરોપીનો રોલ તેમજ ફરીયાદ હકીકત ધ્યાને લેતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું જોતા હાલના અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનુ ઉચીત જણાતુ હોય. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -// હુકમ //-

(૧) આ કામના અરજદાર/આરોપી- **રોહીત ઉર્ફે રોહન મહેશભાઇ લોલાડીયા,** ઉ.વ. આ.૧૯ , વ્યવસાયઃ વેપાર, રહે. મોરબી રોડ, રતનપર ગામ, આકાશભાઇના મકાનમાં ભાડેથી, રાજકોટ વાળાની રાજકોટ શહેર, બી-ડિવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૧૨૫૦૯૪૪/૨૦૨૫, બી.એન.એસ.કલમ-૮૭, ૧૩૭(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૧૨ મુજબના ગુનાના કામની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન મેળવવા માટેની પ્રસ્તુત ફોજદારી પરચુ. અરજી નં.**૧૮૧૦/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીએ રાજકોટ શહેર, બી-ડિવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૧૨૫૦૯૪૪/૨૦૨૫, બી.એન.એસ.કલમ-૮૭, ૧૩૭(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૧૨ મુજબના ગુનાના કામે આરોપીએ **રૂ૦ ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહિ તેમજ ફરિયાદપક્ષના સાક્ષીઓને ધાક-ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશિશ કરવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

(૩) અરજદાર/આરોપીએ અનિવાર્ય સંજોગો સિવાય ટ્રાયલ દરમ્યાન મુદતે અચૂક હાજર રહેવું.

(૪) અરજદાર/આરોપીએ કોર્ટ કાર્યવાહી તેમજ પોલીસ કાર્યવાહી સીવાય હુકમની તારીખથી ૧ વર્ષ સુધી સમગ્ર રાજકોટ જીલ્લાની હદમાં પ્રવેશ કરવો નહી.

(૫) અરજદાર/આરોપીએ સદર ગુનાની તપાસના કામે તપાસ કરનાર અમલદારને પૂરતો સાથ–સહકાર આપવો.

(૬) અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૭) જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો, તેઓએ જામીન મુકત થયેથી દિન– ૧૦ માં સંબંધિત કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું સંબંધિત કોર્ટમાં રજૂ કરવું.

(૮) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું સંબંધિત કોર્ટમાં જાહેર કરવું.

(૯) અરજદાર/આરોપીએ જામીન સંબંધિત કોર્ટમાં આપવા.

– આ હુકમ અંગે સંબંધકર્તા પોલીસ સ્ટેશનને તેમજ સંબંધિત અદાલતને યાદી કરવી.

હુકમ, આજ તારીખઃ **૧૨મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઈ/ચા. એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*